જળ સંપત્તિ વિભાગના ટેન્ડરો અંગે
જામીનગીરી અનામત ભરવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
હુકમ ક્રમાંક પરચ-૧૦૨૦૧૩-૪૧૦ એમ.આઇ.સેલ/ક-૧
તા. ૩૧/૧૨/૨૦૧૩

**આમુખ**

ઇજારદારોના મંજુર થયેલ કામ માટે જામીનગીરી અનામતની રકમ ભરવામાં વિલંબ કરવામાં આવતો હોય છે. આ પ્રકારના વિલંબમાં ઇજારદાર દ્વારા માંદગી તથા કૌટુંબિક કારણો દર્શાવવામાં આવે છે. ક્યારેક ક્યારેક ચુંટણીની આચાર સંહિતા તેમજ સરકાર કક્ષાએ અન્ય તાંત્રિક કારણોસર પણ જામીનગીરી અનામત રકમ ભરવામાં વિલંબ થતો હોય છે. ઉપરોક્ત કારણોસર જામીનગીરી અનામતની રકમ ભરવાના વિલંબ મંજુર કરવા દરખાસ્તો રજુ કરવામાં આવે છે. આ પ્રશ્નના નિરાકરણ માટે જરૂરી સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રી સ્તરે વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ઇજારદારોના મંજુર થયેલ કામ માટે જામીનગીરી અનામતની રકમ ઇજારદારની માંદગી, કૌટુંબિક કારણો તેમજ ક્યારેક ચુંટણીની આચાર સંહિતા તેમજ સરકાર કક્ષાએ અન્ય તાંત્રિક કારણોસર જામીનગીરી અનામત રકમ વિલંબથી ભરવા માટે મંજૂરી આપવામાં આવે છે. ઇજારદારના કારણોસર જ્યારે જામીનગીરી અનામત વિલંબથી ભરવામાં આવે તેવા સંજોગોમાં વિલંબનો સમય કામ પૂર્ણ કરવાની નિયત સમય મર્યાદામાંથી બાદ કરવાની શરતે જ વિલંબ મંજુર કરવા નો રહેશે. અને આ સમયગાળા દરમ્યાનનું કોઇ જ નાણાકીય ચૂકવણું કોઇપણ ક્લોઝ હેઠળ કરવામાં આવશે નહીં.

ઇજારદારની માંદગી અથવા કૌટુંબિક કારણોસર જ્યારે જામીનગીરી અનામત વિલંબથી ભરવામાં આવેલ હોય તેવા કેસોમાં સમય મર્યાદા મંજુર કરતી વખતે તેવા વિલંબના સમયગાળા દરમ્યાનનું કોઇપણ પ્રકારનું પ્રાઇસ વેરીએશન ચૂકવવામાં આવશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર